R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 55 Issue No. 6

October - 2011

## નવા વર્ષનો નવો સંકલ્પ

**નૂતનવર્ષમાં આપણે માત્ર આપણા જ સુખનો નહિ પરંતુ સહુના સુખનો વિચાર કરીએ. અન્યના દુઃખ દૂર કરવા અર્થે આપણા થોડાક સુખનું સમપર્ણ કરતાં કરતાં એ સમર્પણની સુવાસથી જીવન મહેકાવી દઈએ. આપના તેમજ આપના પરિવાર ઉપર માતા મહાલક્ષ્મી અને માતા સરસ્વતિની કૃપા સદાય વરસે. આપ સર્વેના જીવનની પ્રત્યેક ક્ષણમાં સુખ સમૃદ્ધી રહે જે સદા આપને આનંદ, નીરોગીજીવન, શાંતિ અર્પે. સારા સંસ્કારો અને સરસ્વતિનો ભંડાર બાળકોને આપીયે જેને કદી પણ કોઈ લુંટારો લૂંટી ના જાય તેમાં વધારોજ થાય.**

સાથે મળીને ગતી કરીએ, સાથે વાણી વદીએ,
સાથે મળીને મનથી સઘળું સાચું સમજી લઈએ,
સાથે મળીને કરી પ્રાર્થના, હળીમળીને રહીએ,
ચિત્ત અને મન આપણા સહુના સરખે સરખા કરીએ,
લાગણી આપણી સમાન હો ને હૃદયે સમાન કરીએ,
સમાન મનમાં બધાં એકતા સંપ કરીને રહીએ.





**2nd Cover Page**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા)
# પુરસ્કૃત ૬૦મો રસોત્સવ યોજે છે

# નવુ નાટક

**તારીખ :** ૬-૧૧-૨૦૧૧ રવિવાર

**ટાઈમ :** સવારે ૯ કલાકે

**સ્થળ :** ભાઈદાસ હોલ

સ્વામી ભક્તિવેદાંત માર્ગ, વિલેપાર્લા (વેસ્ટ)

**મુખ્ય મહેમાન : શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ (સુરેન્દ્ર એન્જી. કોર્પો)**

**ટિકિટનું વહેચાણ** તા. ૨૩-૧૦-૧૧ રવિવારે સમય : સવારે ૯ થી ૧૧ કલાકે.

નીચે જણાવેલ સ્થળ પરથી ટિકિટ મળશે.

(૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**
૪૫/૪૯, બાલકીશ્ન કો.સો. બાબુગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ

(૨) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)** મો. ૯૮૨૦૦૧૧૫૮૬
સી/ ૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ)

(૩) **શ્રી ગોપાલ રમણલાલ કડકીયા (ખીસાદાર)**
મો. ૯૮૧૯૫૦૭૪૫૨, ૫૦૧, જ્ઞાન દર્શન, એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ)

(૪) **શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી** મો. ૯૮૧૯૩૪૨૮૫૬
બી/૧૨, નવશીલ્પવાની લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ).

**સંયોજક: હેમેન્દ્ર શાહ** **મંત્રી : શ્રી ભાવેશ મોદી**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૭ | ૧૫-૧૦-૨૦૧૧ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટર પ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

visit us at www.balasinor.org


# પરિસ્થિતિ અને મન: સ્થિતિ

**તંત્રી સ્થાનેથી**

હમણાં એક વાર્તા વાંચી.

ગુજરાતનું એક નાનકડું ગામ. એની એક પછાત વસ્તી, ચમાર, હમાલ, શાકવાળા, લુહાર, સુતાર વગેરેની સાથે રહેતા પશાભાઈ અને એમનું કુટુંબ. પશાભાઈ સરકારી નોકરી કરતાં લગભગ ચોથી પાયરીના કલાર્ક. આજુબાજુના બીજા બધા ઘરોને ઝુંપડાં પણ ન કહી શકાય એ રીતે પશાભાઈનું ઝુંપડું. ચારબાજુ દિવાલ તો ધરાવતું હતું અને માથે છત પણ ખરી. પશાભાઈ ભણેલા એટલે આજુબાજુવાળા માનથી બોલાવતા. જરૂર પડે ત્યારે રૂપિયો બે રૂપિયા ઉધાર પણ આપે. વારે તહેવારે એમની સલાહ લેવાતી અને પશાભાઈ સાથે ઉઠવા બેસવાથી મરતબો પણ કહેવાતો. પશાભાઈના પત્ની પણ ચાર ચોપડી ભણેલા. એટલે આજુબાજુવાળા બધા એમને શેઠાણી કહીને જ બોલાવતા. કોઈનો કાગળ વાંચી આપવો કે મનીઓર્ડરનું ફોર્મ ભરવાનું હોય ત્યારે શેઠાણીની મદદ લેવાતી એના છોકરાઓ પણ પુરાં કપડાં પહેરતાં અને નાગાપુગા આજુબાજુના છોકરાઓથી જુદા તરી આવતાં. અરે પગમાં ચંપલ પણ પહેરતાં. આમ પશાભાઈ જેવા ધુળીયા રસ્તા ઉપર સાયકલ ચલાવતાં નોકરી પરથી પાછા ફરતાં ત્યારે જાણે પોતાના રજવાડામાં રાજા પાછા ફરતાં હોય એવી લાગણી થતી.

એક દિવસ પશાભાઈ મારતી સાઈકલે ઘરે આવતા ત્યારે એમનો ઉત્સાહ માતો નહોતો. બહારથી બુમ મારી, 'શેઠાણી એક ખુશખબર લઈને આવ્યો છું, આપણી બદલી શહેરમાં થઈ છે.' પછી તો આજુબાજુવાળા પણ એમની ખુશીમાં જોડાયા.

પશાભાઈ હોંશે હોંશે વાતો કરવા લાગ્યાં. ત્યાં તો પાકી સડક હોય, સાઈકલ તો સડસડાટ ચાલે. આપણું ઘર એટલે બે ઓરડા, પાકું બાંધકામ ખબર છે ? એક ચાંપ દબાવીએ તો વીજળીનો ગોળો સળગે અને પંખો પણ ફરે અને ફરફર હવા આવે. આમ પશાભાઈની વાતો અટકતી નહોતી. બલદીનો દિવસ આવી પહોંચ્યો. આજુબાજુવાળા બધા એમને ટ્રેન સુધી વળાવી આવ્યા. સૌ પશાભાઈને શેઠાણીના જવાથી દુઃખી હતાં પણ શેઠ શેઠાણીની આંખોમાં શહેરના સપના હતા તેઓ એમનું દુઃખ જાણી ન શકયા. પશાભાઈ પહોંચ્યા શહેરમાં. વાતો કરી હતી એવું જ ઘર અને રસ્તાઓ. શેઠ શેઠાણી ઓસરીમાં પંખા નીચે ખુરશી નાખીને બેઠા ત્યાં તો સામે જોયો એક મોટો આલીશાન બંગલો. એની આજુબાજુ ગાર્ડન અને ગેરેજમાં ગાડી. ત્યાંથી નીકળ્યા મોટા સાહેબ અને એમના મેમસાબ સાથે કુતરો. પશાભાઈ દોડતાં સામે ગયા અને સાહેબને સલામ કરી. સાહેબે તુચ્છ ભાવે એનો સ્વીકાર કર્યો. મેમસાહેબે તો શેઠાણી કે ઘર તરફ નજર સુધ્ધા ન કરી. શેઠાણીને તરત ગામ યાદ આવી ગયું. પશાભાઈ સાથે વાત કરતાં જાણવા મળ્યું કે એ બંગલામાં એમના સૌથી મોટા સાહેબ રહે છે. એટલે એમનો બંગલો. બાજુમાં મોટું મકાન છે એ એના પછીના સાહેબનું અને આપણે ચોથી કક્ષાએ કલાર્ક એટલે આપણું ઘર. પણ આપણા જેવા બીજા બધાની સાથે ન રહેવાય ? ના કંપનીનો નિયમ છે બધા સાથે જ રહે. એક મિનીટમાં બંન્નેનું સુખ વરાળ બનીને ઉડી ગયું. ચોથી કક્ષાના તો ચોથી કક્ષાના, પણ ગામમાં ઘરે આવ્યા પછી તેઓ શેઠ અને શેઠાણી હતાં જ્યારે અહીંયા આજુબાજુનું વાતાવરણ અને લોકો સતત યાદ અપાવતાં રહેશે કે આપણે ચોથી કક્ષાના નોકર છીએ.

આપણું પણ એવું જ છે ને. સુંદર ઘર સજાવ્યું હોય બધા જ સુખ સગવડના સાધનો હોય પણ બહાર ટાવર જોઈને દુઃખી થઈ જવાય. ટાવરવાળા ડુપ્લેક્ષ તરફ જુએ અને ડુપ્લેક્ષવાળા બંગલા તરફ. આ વાત એડવર્ટાઈઝવાળા બરાબર જાણે છે. એટલે જ એડ બનાવે છે. ઉસકી ખમીસ મેરી ખમીસ સે સફેદ કૈસે ? ઉસકી ત્વચા મેરી ત્વચા સે ગોરી કૈસે ? બધામાં કંપેરીઝન કરાય છે. ૧૯૯૦ પહેલાં ભારત દેશના ગામડાઓમાં લોકો સુખી હતા. ગામના ચોતરે ભેગા થઈને પોતાના સુખ દુઃખની વાતો કરતાં અને પોતાના જેવા જ લોકો સાથે વહેંચતાં. ટી.વી. હતાં, પણ આમચી માતી આમચા માણસ, છાયાગીત કે ફુલ ખીલે હૈ ગુલશન ગુલશન જેવા કાર્યક્રમોને ખાનદાન જેવી સીરીયલો આવતી. ચેનલો વધી ને સોપઓપેરા શરૂ થયા. વિશાળ બંગલાઓ, ભારે સાડીઓ, દાગીનાવાળી સ્ત્રીઓ, લાખોમાં નહી કરોડોમાં થતા સોદાઓ, દેશ વિદેશના પ્રવાસો, જાહોજલાલીથી ઉજવાતા તહેવારો અને લગ્નપ્રસંગે નવી નવી ફેશનો, ડીસ્કો પાર્ટીઓ, મોટી મોટી ઓફિસો અને ગાડીઓએ લોકોને વિચારતાં કરી મૂક્યા. અલ્યા આને સુખ કહેવાય. આપણી તે સાલી કંઈ જીંદગી છે ? અને લો ચાલી સુખ પાછળની દોટ. છાશ છોડીને પેપ્સી ને ધોતિયાને બદલે જીન્સ, સાયકલને બદલે મોટરસાઈકલ, મોબાઈલ આવી ગયા. હવે ચોતરે જવાની શી જરૂર ? મારા ગગાને ખેતરે નથી લગાડવો. શહેરમાં જઈને મોટો સાબ બનાવવો છે. સુખ પાછળની દોટ ચાલુ જ રહેવાની.

શહેરોના લોકોની વાત કરીએ તો બધુ હોવા છતાં સતત તાણ વચ્ચે જીવતાં લોકો, બીજાથી આગળ નિકળી જવા સતત ભાગતાં લોકો એકબીજાને પાડતાં લોકો ઈર્ષા અને દ્વેષમાં અટવાતાં લોકો સ્ટ્રેસ, એસીડીટી,

ડાયાબીટીસ, બ્લડપ્રેશર સાથે જીવતાં પોતાને સુખી માનતાં લોકો અને પાછું બીજાનું સુખ જોઈને પાછા ભાગતાં લોકો. આ બધા લોકો પછી શાંતિ માટે મનના સુખ માટે આધ્યાત્મ તરફ, યોગા તરફ મંદિરો તરફ અને શહેરથી દુરના આશ્રમો તરફ વળે છે. ફરીથી એ જ સુખની દોટ એમને ગામડાં તરફ લઈ જાય છે.

મારા એક મિત્રએ હોન્ડા એકોર્ડ ગાડી લીધી. ખુબ ખુશ હતા. હોંશે હોંશે મને ડ્રાઈવ ઉપર લઈ ગયા અને ગાડીની ખુબી, એની સગવડ, એની કિંમત વગેરેની વાત કરતાં એના મોઢા ઉપર ખુશી ઝળકતી મેં જોઈ. પોતાની પાસે બેસ્ટ ગાડી હોવાની ખુશી, એટલામાં સિગન્લ ઉપર એક બાજુથી એક મર્સિડીસ અને બીજી બી. એમ. ડબલ્યુ આવીને ઉભી રહી ગઈ અને એક ક્ષણ માટે એના મોઢાના ભાવ બદલાઈ ગયા એનું સુખ મેં ઝાંખુ થતું અનુભવ્યું. બધા ફેમસ લોકો, મોટા લોકો પણ સુખી જ હોય એવું જરૂરી નથી. એ લોકોને હરવા ફરવાની સામાન્ય માણસની જેમ વર્તવાની છુટ નથી મળતી એનું દુઃખ હોય જ છે. ટુકમાં વિચારીએ તો સુખ અને દુઃખ કંપેરેટીવ 'રીલેટીવ ટર્મ' (પરોક્ષ શબ્દો) છે. આપણાં કરતાં વધુ સુખી અને આપણા કરતાં વધુ દુઃખી માણસો આપણી આજુબાજુ હોય જ છે. એક પગવાળો બે પગવાળાને જોઈને દુઃખી થઈ શકે છે અને બંન્ને પગ વગરના માણસને જોઈને સુખ અનુભવી શકે છે. ફ્લેટવાળો બંગલાવાળાને જોઈને દુઃખી અને ઝુપડપટ્ટીવાળાને કે ફુટપાથ ઉપર સુતેલાને જોઈને પોતાની જાતને સુખ માની શકે છે. કદાચ એટલે જ સાધુઓ ગુફાઓમાં કે હિમાલયમાં જઈને રહેતા હશે. જ્યાં કોઈની સરખામણીનો મોકો જ ન હોય અને કદાચ એમાંથી સુખ સાંપડે. પણ એવી રીતે જીંદગીથી ભાગવાની જરૂર નથી. આપણે આપણા સુખની વ્યાખ્યા પોતે જ બનાવવાની છે અને એ વ્યાખ્યા પ્રમાણેનું સુખ હોય એટલે બસ પછી બીજાના સુખની ઈર્ષા કરવાની જરૂર નથી કારણ કે સંપુર્ણ સુખી માણસ મળવાનો જ નથી. એક રાજાએ એક સાધુ પાસે સંપુર્ણ સુખની માંગણી કરી. સાધુએ એને એક સુખી માણસનું પહેરણ પહેરવાનું કહયું. આખા ગામમાં રાજાના માણસો ફર્યા પણ દરેકને કંઈકને કંઈક દુઃખ હતુ જ. કોઈ પોતાને સુખી કહેડાવવા તૈયાર નહોતું. છેવટે ગામની બહાર એક મુફલીસ મળ્યો. બે ટાઈમ માંગીને ખાતો અને બાકીનો સમય પોતાની મસ્તીમાં પડી રહેતો. એણે કહયું કે હા હું દુનિયાનો સૌથી સુખી માણસ છું. પણ એની પાસે આપવા માટે પહેરણ જ ક્યાં હતું. એતો શરીર ઢાંકવા એક પોતડીથી ખુશ હતો.

સુખ અને દુઃખ એ મનનું કારણ છે. આપણે માનીએ તો સુખી અને નહીતો દુઃખી. સુખ એવું પંખી છે કે જેને પકડવા દોડો તો એ તમારાથી દૂર ને દૂર જતું રહે અને નહીતો શાંતિથી તમારા માથે આવીને બેસે. આપણી ભૌતિક પરિસ્થિતિ સારી ન હોય તો એ બદલી શકાય. પણ મનઃસ્થિતિ આપણા સિવાય કોઈ ન બદલી શકે. પણ સુખ કે દુઃખ એ પોતે જ બદલી શકે. બીજું કોઈ નહી, ભગવાન પણ નહી.

So Please be Happy. Happy Diwali and Happy New Year. નવા વર્ષમાં આપની મનઃસ્થિતિ સુખી રહે. એજ અભ્યર્થના.

**'મૈં જીંદગીકા સાથ નિભાતા ચલા ગયા**
**હર ફિક્ર કો ધુંએ મેં ઉડાતા ચલા ગયા**
**ગમ ઔર ખુશીકા ફક ન મહેસુસ હો જહાં**
**મેં ખુદકો ઉસ મકામ પે લાતા ચલા ગયા**
**મેં જીંદગીકા સાથ નિભાતા ચલા ગયા.'**

**- નિખિલ પરીખ**

# 'કહો ઉસીસે જો કહે ના કીસીસે' 'માગો ઉસીસે જો દે દે ખુશીસે'...

અંતરનો પિટારો ક્યાં ખોલશો ? મનને મર્કટ કહયું છે. પરંતુ મન... અંતર દિવસ રાત વિચારોના વમળમાં અટવાતુ જ રહેતું હોય છે. સંપુર્ણ પણે સુવ્યવસ્થિત હોવા છતાં ઉણુ ભાસતું જ હોય છે ત્યારે ફરીયાદી મન કંઈક કહું કોને કહું ? અને આ વાત પર એક જુની વાર્તા યાદ આવે છે. ટુંકમાં કહીશ, રાજા હજામત કરવા હજામને ઘરે બોલાવતા. હજામત કરાવતાં કરાવતાં રાજાએ હજામને કહયું કે તું કોઈને જ કહેતો નહિ. પરંતુ મારી રાણીઓ બોબડી છે. કોઈને પણ કહીશ તો તારા નાક, કાન, કાપી અવળે ગધેડે બેસાડી ગામમાં ફેરવીશ, હવે હજામના પેટમાં વાત તો ટકે જ નહિ. એટલે તેને તો થયું કે કોને કહું વાત છેવટે રાજાના ડરથી એક ઝાડ પાસે જઈ તેને કહયું કે રાજાની રાણીઓ બોબડી છે. હવે જ્યારે આ ઝાડમાંથી પીપુડી બનાવી ત્યારે તે પીપુડીના સુરમાંથી રાજાની રાણીઓ બોબડી છે એ આખા ગામમાં વાત જાહેર થઈ ગઈ. એટલે આ હેડિંગ છે 'કહો ઉસીસે જો કહેના કીસીસે' એટલે જે મનમાં આવે તે વાત ફક્ત ઈશ્વરને પ્રભુજીને કહો. જે તમારી વાત કોઈને જ કહેશે નહિ. બાકી માનવીઓના પેટમાં વાત ટકે જ નહિ. ઈશ્વરને તમારો સાથી સંગી બનાવો. અંતરની વાત પ્રભુજી સમક્ષ રજુ કરો. જે કોઈને જ કહેશે નહિ. 'દે ઈચ્છીત ફલ મલા' અને પ્રભુજીની જ પાસે માંગ રજુ કરો કે તે ખુશીથી આપશે. દામમાં ફક્ત ભક્તિ જ આપવાની સાંચી ભાવનાથી અને નિર્મળ મનથી કરેલી ભક્તિ પ્રભુ મુલવે છે. ક્યારેક પણ પ્રભુ પાસે તમે માંગો અને તમારું આરાધન, તમારી લગન સાંચી હોય તો પ્રભુજી અવશ્ય તમને આપશે જ આપશે. ત્યારે કદાચિત તમારું મન, અંતર બોલી પાડશે કે..'તેરે જૈસા યાર કહાં

**કહાં એસા યારાના**
**યાદ કરેગી દુનિયા**
**તેરા મેરા અફસાના**
**મેંને જીસે ખુદા માના**
**તેરા મેરા યારાના'...**

અને આ માટે તમારું મન, તમારી ભક્તિ એકદમ નિર્મળ મનથી કરેલી હોવી જરૂરી છે. પ્રભુજીને યાદ કરો અને તે તમારી સામે જ હસતો ઉભેલો દેખાય.

**'તુમ મુઝે યાદ કરો એસે**
**જૈસે હોવે દિન રાત**
**મિલે તો હોવે સાંજ**
**યા હોવે પ્રભાત'.**

**આનંદની અવધિ...**

અને એજ આજનું હેડિંગ, ટાઈટલ કહે છે કે માંગો એની પાસે અને એ ખુશીથી આપે, અને આ પ્રભુજીની સંગત સાંચી હોય તો જ શક્ય બને છે. તે અવશ્ય આપણું મન વાંચીને 'દે ઈચ્છીત ફલ મલા' આપી જ દેશે.

વળી માનવીના મન છીછરા હોય કે કોઈએ કહેલી અંતરની વાત ક્યાંક તો બોલી પાડશે, એટલે જ આપણા શ્યામજીની સંગત ન્યારી, નિરાલી છે. અંતરની વાત જાણી તેનો નિવેડો પણ લાવશે અને કોઈને જ કહેશે નહિ. ઈચ્છાપૂર્તિ તો અવશ્ય કરશે જ કરશે. સરવાળે તમારી લગની તમારું ઈશ્વર સાથેનું આરાધન પ્રભુ મુલવશે. જ્યારે તમને પ્રભુજીના આ કાર્યની પ્રતિતિ થશે ત્યારે તમારું મન ગાઈ ઉઠશે.

**'પ્રભુજીકો ચઢયો નશો, દિન દિન બઢત સવાય**
**ઓરન કો ક્યા બાત પલ ભરમેં ઉતર જાય**
**પ્રભુજીકો ચઢયો ઝુમઝુમ ઝુલાય કે હીવરેમેં બસજાય**
**પ્રભુજીકી મસ્તી એસી મનવા,**
**માનવ સફલ હોઈ જાય'...**

પ્રભુજીની પ્રિતિ હૃદયથી કરો, સેવા, માળા, મંદિર, તિલક, ક્યાંયથી તોલાય કે નહિ નિર્મળ હૃદયની પ્રિતિ પ્રભુ અવશ્ય મુલવશે. અંતરની દુવિધા તેના સિવાય કોઈ વાંચી શકશે નહિ અને તે જ તેની પ્રતિતિ કરાવશે.

ભગવાનજીનો નશો માનવ જીવનને સફળ બનાવશે. બધા જ સંબંધોનો સરવાળો એટલે આપણો લાડીલો પ્રભુજી, લાડ લડાવે, ક્યારે શિક્ષા પ્રદાન કરે, પરંતુ તેની સંગત તેની પ્રિત જન્મોજન્મની ઉદ્ધારણા પણ કરાવે. શ્રદ્ધા અને ભરોસાની સીડીના બે જ ફૂટ સ્ટેપ્સ ચડવાના પરંતુ નિર્મળ મનની સંગતિ સાથે સત્કર્મ સાથે માંગ્યુ આપે અને અંતરની દુવિધા પણ દૂર કરે. પ્રભુ ભક્તિનો નશો અને સાથે સારા કર્મનું સ્ટાર્ટર પછી તમારા મનને ઝુમઝુમ ઝુલાવશે. પેટ આપણા શાંતિથી જ ભરી દેશે. કર્મ કેવું ?

તમે ઠાકોરજીને થાળ ધરો ભાવથી પરંતુ આપણું પેટ ભરેલું હોય તો ? તમે વોચમેન, સર્વન્ટને યા કોઈને આપશો. પરંતુ આપણું પેટ સાવ ખાલી હોય ત્યારે મન માને કે નહિ એ તો પ્રભુજી જ જાણે. આપણા બારણે જો કોઈ કુતરો આવે, યા સાધુ આવે, આપણો વિચાર કર્યા વિના તેમને અપાય તો જ તેની ગણના થાય. આપણું ભલું બીજાને અપાય તો તે સત્કર્મમાં જ તોળાય. એક સસલું આવી જ રીતે અપાયેલી પત્રાળીની ખાલી જગામાં આળોટયુ તો તેની રૂવાટી સોનાની થઈ ગઈ. એટલે કે આપણા છલકાયેલા પેટ હોય અને તમે દાન આપો અને ઉણા પેટ હોય અને દાન આપો એ સતકર્મના કાટલે તોલાય. ભૂખ્યા જનને જમાડી ઓડકાર ખાવ એ જ સાચું દાન છે. અન્નનો બગાડ થાય તો ? એમાંથી એક જણનું પેટ તો અવશ્ય ભરાય, કોઈની ભુખ પ્યાસ બુઝાવશો તો આનંદની અવધિ તમે માણી શકશો, એટલે કે 'માંગો ઉસીસે, જો દે દે ખુશીસે' એ જ રીતીએ પ્રભુજી પણ તમને ખુશીથી છલકાવશે. પ્રભુજીને જ આરાધન કરજો કે...

**'પ્રભુજી તુમ મેરે મનકે મીતા**
**પ્રભુજી પઢલો મેરે મનકી ગીતા**
**ઢાઈ અક્ષરકા નામ તુમ્હારા 'કૃષ્ણા'**
**ઢાઈ અક્ષરકા 'પ્રેમસે' જોડા નાતા... પ્રભુજી'**

મારી બેન, મારો ભાઈ. આ મારા ઘરનાં જ સગા છે. આ મારા દીયર, જેઠ વગેરે વગેરે. પરંતુ આ સર્વેને મારા કહો એ તો સાચુ છે પણ આ સંસારીક સંબંધો, પ્રભુજીનો સંબંધ અલૌકિક છે અને અંતરની વાત કહેશો તો સાંચો સહાયક બનશે અને માંગ્યુ મુલવશે, અંતર વ્યથા કહી જાણો તો તે પ્રભુજીને જ તે કદી કોઈને કહેશે તો નહી જ માટે સાંચો સાથી સંગી બની તમને મુલવશે નિર્મળમનની ભક્તિ અને આરાધનના દામને પ્રભુજીને તમારો મિત્ર બનાવજો....

**મેરે મનકે મીતા**

પ્રભુજી તુમ મેરે મન કે મીતા
પ્રભુજી તુમ મેરે મન કે મીતા
પ્રભુજી પઢલો મેરે મનકી ગીતા... પ્રભુજી
ઢાઈ અક્ષરકા નામ તુમ્હારા કિષ્ણા
ઢાઈ અક્ષરકા પ્રેમ સે જોડા નાતા... પ્રભુજી
નિશ્ચય મેં તો બનુગી તેરી રાધા
મેં તો બનુંગી પ્રેમ દીવાની મીરાં... પ્રભુજી
મેરે નૈનોકા તુંહી એક સપના
તેરે બીના કોઉ નાહી અપના... પ્રભુજી
મેરે હીવરે મેં પ્રભુજી તેરા બસેરા
રોમ રોમ પ્રભુજી તુંહી સમાયા... પ્રભુજી
મેરી જીવ્હાસે સીમરું નામ 'કિષ્ણા'
તેરે ચરણકમલમેં કરું હું પ્રણામ... પ્રભુજી
પ્રભુજી તુમ મેરે મન કે મીતા...

**- ઉષા એસ ધારીઆ**

# ઈચ્છા એ આત્મા છે

સફળતા એ હર માણસનું સપનું છે. સફળ થવા માટે મહત્વકાંક્ષી બની સપનાઓને આંખોમાં સજાવી એ સપનાઓને પુરા કરવા માટે તેની પાછળ જ્યાં સુધી પુરા ન થાય ત્યાં સુધી પડયા રહેવું એ જ સિધ્ધમંત્ર છે. જો ઈચ્છાઓને નીતીનો સ્પર્શ મળે, મહેનતનો દોસ્ત મળે, ધીરજનો રસ્તો મળે ને પ્રારબ્ધનો આર્શિવાદ મળે તો ઈચ્છાઓ અવસરમાં પલટે અને તેનું સુખ એ શ્વાસોશ્વાસમાં અનુભવવા મળે.

સપનાઓને મર્યાદામાં બાંધો નહી. હંમેશા હકારાત્મક અભિગમ રાખી સફળતા માટે સંઘર્ષ કરવો જોઈએ. સફળતાનો લાંબો રસ્તો પાર કરવા એક પગ આગળ માંડવો જ પડશે. અહીં એક બીજી વાત પણ છે કે જીવનમાં આપણી સફળતા ન ઈચ્છનારાઓ ઘણા લોકો હોય છે. લોકો આપણને મંજીલથી દુર કરવા ઘણા પ્રયત્નો પણ કરતા હોય છે પણ આપણે મજબુત રહી સફળ થઈ શકીયે છીએ. એટલે ઈચ્છાઓને સ્વમાન અભિમાનની જેમ સાચવો અને એ પુરા ન થાય ત્યાં સુધી તે જાળવી રાખો. આપણું મક્કમ મનોબળ એ જ શક્તિ છે.

હર સફળતા માટે આપણે નાયક છીએ અને આપણી સફળ ઈચ્છાઓ ટીમવર્ક હોય છે. આપણી સાથેના મીત્રો આપણા આત્મવિશ્વાસ ને મજબુત બનાવવામાં ઘણા સહાયરૂપ પણ થાય છે. એ ક્રીકેટની મેચ હોય, બિઝનેસ હોય, કમીટીમાં હોય આવા બધા જ કાર્યોમાં સફળતા માટે આપણે ઈચ્છાઓની ગરિમાને છોડીયે નહી અને સફળ થઈયે એ જ મહત્વનું છે.

આપણે ઈચ્છાઓ વગર, સપનાંઓ વગર કે સફળતા વગર કેમ જીવી શકીયે ? ઘણીવાર આપણે પરિસ્થિતનો સામનો કરતા હારીને સપનાઓને છોડી દઈયે છીએ ત્યારે ગર્ભપાત જેવુ કામ કરીયે છીએ.

જ્યારે કોઈ વ્યક્તિ આપણને આવીને ઘણી બધી આશાઓ સાથેના સપનાને સાકાર કરવા આપણી પાપણોની જન માગે તો એને નિરાશ કરીને પાપ પણ ન કરીયે. ચાહે સાથે કોઈપણ વ્યક્તિ હોય કે પ્રત્યક્ષ પરોક્ષરૂપે, જ્યારે આપણે કોઈની ઈચ્છાઓની વિરોધ જઈએ છીએ ત્યારે એના આત્મ સન્માનને ઠેસ જરૂર પહોંચાડીયે છીએ. જ્યારે આપણે કોઈની ઈચ્છાઓનાં સફળ દિવામાં આપણે પણ આગ હોઈએ ત્યારે આંસુઓને એ દીવાથી શણગારવામાં ગૌરવ અનુભવીએ છીએ.

આટલુ પણ જો ન કરી શકીયે તો આપણી ઈચ્છાઓ સાર્થક કરવામાં કોઈ સાથ આપશે ?

કોઈપણ વ્યક્તિ જન્મથી સફળ કે નિષ્ફળ નથી હોતા. એણે સફળ થવા માટે સંઘર્ષો કરવા જ પડે છે. મંજીલ સાથે રાખીને રસ્તો પાર કરતા થાક અનુભવવો જોઈએ નહી. ઈતિહાસ સાક્ષી છે જીવનમાં સફળતા જીદથી જ મેળવી શકાય છે. સફળતા એજ શક્યતા છે કારણ કે જે શસ્ત્રો મુકી દે છે એને કોઈપણ મદદ નથી કરી શકતો, કારણ લડવાનો કોઈ વિકલ્પ છે જ નહીં. પરિસ્થિતીઓ જ્યારે પાર બનીને આપણી સામે આવે છે ત્યારે બુધ્ધિપુર્વક ને ધીરજપુર્વક સામનો કરવો એ જ સફળતાનો બીજો મંત્ર છે.

આ લેખની પ્રેરણા મારી સામેના વેલાર્ડ વ્યુ બિલ્ડીંગ હાજીઅલીમાં એક રાતમાં ૭૦ કુટુંબોને બે, ત્રણ, ચાર બેડરૂમ, ફલેટમાં રહેતાં છોડીને ખાલી કરી બીજે જવાનો વારો આવ્યો. ફરી એ જ રીતે ચણતર કરાવી એ જ રીતે રહેવું એ મજબુત સંકલ્પ ને મનોબળ માંગી લે છે. કદાચ ચાર થી પાંચ વર્ષ પણ થઈ જાયને ને કરોડોનું નુકશાન થાય.

**- શૈલેષ કી. દેસાઈ (ભારત કોર્પોરેશન)**

# ૬૦ મા વાર્ષિક રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ



**શ્રી સુરેન્દ્રભાઈ પરીખ**

બાલાસિનોર સમાજના વિવિધ કાર્યક્રમોમાં સુરેન્દ્રભાઈનું એટલી બધીવાર સન્માન કરાયું છે અને એટલી બધી વાર પરિચય અપાયો છે કે હવે એમના વિશે નવું શું કહેવું એ એક પ્રશ્ન છે. એમનો પરિચય નગીનભાઈના ભાણા તરીકે આપી શકાય. એક સફળ બિઝનેસમેન તરીકે આપી શકાય, એક દાતા તરીકે પણ આપી શકાય, પરંતુ આ બધા ઉપરાંત એમનો સાચો પરિચય એક ઉમદા માનવી તરીકે આપવો વધુ બહેતર રહેશે. અનેક કંપનીઓમાં ડાયરેક્ટર અને ચેરમેનની સેવાઓ આપનાર નેશનલ લેવલની જ નહી ઈન્ટરનેશનલ લેવલની કંપનીઓમાં પણ મેનેજીંગ ડાયરેકટર અને ચેરમેન છે. એમનો આંતરરાષ્ટ્રીય બિઝનેસ કેટલો મોટો છે એનો ખ્યાલ એક જ વાત પરથી મળી શકે કે તેઓ ૬૩ દેશોમાં ધંધાકીય પ્રવાસ કરી ચુક્યા છે. આ બધા અચિવમેન્ટ માટે તેઓને ઉદ્યોગ રત્ન, નિર્યાત રત્ન અને સતત ૧૪ વર્ષ સુધી એક્ષપોર્ટ એવોર્ડ પ્રાપ્ત થયો છે. એમનું સૌથી મોટું અચીવમેન્ટ એટલે Hon. Consul General of the Republic of Zambia in Mumbai તરીકેની નિમણુંક.

આ બધા અચીવમેન્ટ પછી પણ તેઓ એક નમ્ર ઈન્સાન છે. બાલાસિનોરની એકપણ સંસ્થા કે પ્રવૃત્તિ નહીં હોય જેમાં એમનું નામ દાતા તરીકે જોડાયું ન હોય.

આવા ઉમદા દાતા, ઈન્સાન, બિઝનેસમેન મુખ્ય મહેમાન તરીકે નવયુવક સંઘને ૬૦મા વાર્ષિક રસોત્સવ પ્રસંગે પ્રાપ્ત થયા છે. એ સંઘ માટે ગૌરવની વાત છે.

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ - બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળની વાર્ષિક સામાન્ય સભા (AGM) તારીખ : ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ પાટકર હોલ (એસ.એન.ડી.ટી. કોલેજ - મરીન લાઈન્સ) ખાતે આયોજીત કરવામાં આવી હતી. સભામાં ગત વર્ષનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો, જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

મંડળ દ્વારા જે ભંડોળનો વહીવટ કરવામાં આવે છે તેની ૩૧-૩-૨૦૧૧ના વર્ષાંતે નાણાંકીય સ્થિતી અને શૈક્ષણિક સહાયની રકમ આ પ્રમાણે છે.

| | ભંડોળ |
|---|---|
| ૧. શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ | ૮૪,૪૫,૦૪૪.૦૦ |
| ૨. બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ | ૧,૦૧,૧૫,૩૧૩.૦૦ |
| ૩. લટકારી ફાઉન્ડેશન | ૭,૭૧,૮૫૩.૦૦ |
| કુલ ભંડોળ રૂા. | ૧,૯૩,૩૨,૨૧૦.૦૦ |
| કુલ રોકાણ (ઈનવેસ્ટમેન્ટ) રૂા. | ૧,૮૧,૨૭,૫૮૯.૦૦ |
| કુલ ૧૧૧ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય રૂા. | ૧૫,૫૪,૧૭૦.૦૦ |
| કુલ શૈક્ષણિક પારિતોષિક રૂા. | ૨૫,૦૫૦.૦૦ |


અહેવાલની રજુઆત બાદ વિવિધ અભ્યાસક્રમોનાં સફળ વિદ્યાર્થીમિત્રોને શૈક્ષણિક પારિતોષિક રૂપે કુલ રૂા. ૧૮,૪૫૦નું વિતરણ કરવામાં આવ્યું હતું.

૫૧ વર્ષ અન્વેષક તરીકે સેવા આપી સ્વૈચ્છીક વિદાય લેતાં શ્રી પી.એમ.ધારીઆની સેવાઓની સરાહના અને સન્માન કરવામાં આવ્યાં. મંડળના નવાં અન્વેષક તરીકે શ્રી જયેશ ગાંધી (જે.એલ.ગાંધી એન્ડ કાું.) ની તેમજ ચેરીટેબલ ટ્રસ્ટના તથા લટકારી ફાઉન્ડેશનના અન્વેષક તરીકે શ્રી નીકેશ ગાંધીની નિમણુંક કરવામાં આવી. બન્ને અન્વેષકોએ માનદ્ સેવા આપવાની ઈચ્છા જાહેર કરી, જે હાજર શ્રોતાગણે તાળીઓથી વધાવી લીધી.

દાતાઓની હાજરી અને તેમનું ગૌરવ તેમજ અગ્રણીઓ અને આમંત્રીતોની ઉપસ્થિતિ, મંડળ અને ટ્રસ્ટની કાર્યશૈલી અને ધ્યેયને સમાજનાં દરેક વર્ગને પહોંચાડવામાં મદદરૂપ બને એ હેતસુર આ વર્ષે પણ દાતાઓનું સન્માન AGM સાથે સાંકળી લેવામાં આવ્યું હતું. તેનાં ફળસ્વરૂપ સંસ્થાનાં સન્માનીય ઉદાર દિલ દાતાઓ (૧) શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ (૨) શ્રી નવનીતલાલ ચુનીલાલ કડકીઆ (૩) શ્રીમતી મિનાક્ષી મોહિતકુમાર મહેતાનું શાલ, મેમેન્ટો તેમજ પ્રશસ્તિપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પ્રાયોજીત 'ટેલેન્ટ એપ્રીશીએશન યોજના' ના ઉપક્રમે આપણાં શિક્ષણેતર અને વ્યવસાયેતર ક્ષેત્રે સિધ્ધી મેળવનાર છોટે ઉસ્તાદો અને અગ્રગણ્ય વિભુતીઓનું જાહેર સન્માન કરી ભણતર ઉપરાંત ગણતરનું પણ ગૌરવ કરવામાં આવ્યું. આપણાં સમાજનાં પરખાયેલા અને વણપરખાયેલા નામી અનામી વિવિધ ટેલન્ટસ અને વ્યક્તિ વિશેષોને આમંત્રી, જાહેર મંચ પરથી તેમની ઉપલબ્ધિઓને બિરદાવાઈ અને 'વાડસોલ ગૌરવ'ના બિરૂદથી વિભુષિત કરી આ વિભુતિઓને સમાજમાં આગવી ઓળખ આપવામાં આવી.

## આ વર્ષના 'વાડસોલ ગૌરવ' બિરૂદનાં સન્માનીય વ્યક્તિ - વિશેષો અને ઉપલબ્ધિકારો

| | | **ઉપલબ્ધિ ક્ષેત્ર** |
|---|---|---|
| ૧) શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) | - | રચનાત્મક સમાજસેવા |
| ૨) ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ (લાલખાં) | - | બહુમુખી નારી પ્રતિભા, સંશોધનાત્મક વિદ્યાકીય સિદ્ધિ |
| ૩) પ્રિન્સિપાલ ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ | - | શૈક્ષણિક ક્ષેત્રે ગૌરવપુર્ણ પ્રદાન |
| ૪) શ્રી બંકીમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા) | - | વકતૃત્વ, યોગ પ્રશિક્ષક અને વિદ્યાર્થીઓને કાઉન્સેલીંગ |
| ૫) શ્રી રવિશ મુકેશ દેસાઈ (દેડકી) | - | મોડેલીંગ અને એકટીંગ |
| ૬) કુ. આલીસા અમીત મોદી (કાપડીયા) | - | સ્પોર્ટ્સ - થ્રો બોલ અને ભરત નાટ્યમ |



આ વર્ષથી એક નવલાં સીમાચિન્હ રૂપે, મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શક ભુમિકા ભજવનાર ટ્રસ્ટી અને દાતાશ્રી **નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)** ની પ્રેરકસ્મૃતિ રૂપે **'વાડસોલ કર્મવીર'** સન્માન પદક આપવાની યોજના શરૂ કરવામાં આવી, તે અન્વયે આપણાં સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા અને સ્વાતંત્ર્ય સેનાની મુ.શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆની સેવાઓને પ્રથમ 'વાડસોલ કર્મવીર' સન્માનથી ગૌરવાન્વિત કરવામાં આવી. સન્માનિત 'વાડસોલ કર્મવીર' મુ.શ્રી રમણીકભાઈ એ પોતાની આગવી પ્રતિભાનો પરિચય આપતાં મંડળના ઈતિહાસ અને કાર્યપ્રણાલિનું દર્શન કરાવ્યું તેમજ શ્રી નટવરભાઈ વોરાના પ્રદાનને બિરદાવ્યું.

આ આયોજનમાં મુ.શ્રી પ્રવિણભાઈ સાં. દેસાઈએ વ્યક્તિ વિશેષોના ચયનમાં જ્યુરી તરીકે તેમજ તેઓ સર્વેની સિદ્ધિઓ સમાજ સમક્ષ રજુ કરવાની મુખ્ય ભુમિકા નિભાવી. શ્રી ચેતન મોદી(બંગડી)એ સંપુર્ણ આયોજનનું પ્રસંગોચિત સંચાલન કર્યું, તેમજ, પ્રશસ્તિપત્રો અને સન્માનપત્રોને તેમજ સંપુર્ણ કાર્યક્રમને, સંયોજક તરીકે યથોચિત આકાર આપ્યો. સન્માનિત 'વાડસોલ ગૌરવ' વિભુતિઓએ પણ તેમનો પ્રતિભાવ આપ્યો.

'વાડસોલ ગૌરવ' શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહે આ પ્રસંગે મંડળની વિશેષ યોજનાઓ પૈકીની 'પોસ્ટગ્રેજ્યુએટ શિક્ષણ યોજના-માસ્ટર્સ ડીગ્રી' પુરસ્કર્તા તરીકે અપનાવવાની જાહેરાત કરી, રૂા. ૭,૫૦,૦૦૦ના દાનવચનની ઘોષણા કરી. તો 'વાડસોલ ગૌરવ' ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ (લાલખાં) તરફથી રૂા. ૧,૧૫,૦૦૦ના દાનવચનની જાહેરાત કરવામાં આવી. 'વાડસોલ કર્મવીર' શ્રી. રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ તરફથી પણ રૂા. ૧,૦૦,૦૦૦નું દાન મળ્યું.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ચલો બાલાસિનોર

# ૨૦૧૧ - ૨૦૧૨

# વાડશોલ થી................ બાલાસિનોર

બાલાસિનોર નગર અને આજુબાજુની જાણકારી માટે અમોને શ્રી ગોપાલભાઈ શાહ (મેનેજર) (શ્રી બાલાસિનોર નાગરીક સહકારી બેંક લી.) તથા શ્રી પ્રવિણચંદ્ર જીવરાજભાઈ (સેવક) ના તરફથી મળેલ છે. જે અમોએ 'ચલો બાલાસિનોર' માં આવનાર દરેક વ્યક્તિને મોકલેલ છે.

દરેક બાલાસિનોરવાસીને આ માહિતીની જાણકારી મળી શકે એ હેતુથી અમો જ્યોતિપુંજમાં પ્રગટ કરી રહ્યાં છીએ.

**કો. ઓર્ડીનેટર**
**ચલો બાલાસિનોર**
**સૌમિલ મોદી (ઉપ પ્રમુખ)**

**વાડશોલથી............ બાલાસિનોર સુધી**

## ભૌગોલિક પરિચય

ઉ.અ. ૨૨.૫૭ અને પુ.રે. ૭૩.૨૦ ઉપર બાલાસિનોર નગર અને તાલુકો આવેલ છે. સને ૧૯૫૨ની માહિતી મુજબ નગરનું ક્ષેત્રફળ ૬.૯ ચોરસમાઈલ ૨૮૩૩ મકાનો અને ૨૯૦૬ કુટુંબની ૧૩૦૬૯ વસ્તી હતી. તાલુકાની સરહદે સાબરકાંઠા, પંચમહાલને અડીને આવેલ છે. જેથી આ તુલાકાની ત્રણ જીલ્લાની ત્રીભેટે આવેલ પછાત તાલુકાની ઓળખ હતી. જે આજે ભુસાંઈ ગઈ છે. રેલ્વે સેવાથી વંચિત આ તાલુકો છે.

## દંત કથા પરિચય

લોકવાયકા મુજબ વાડાસિનોર અને તેની આસપાસના જંગલો હિડંબના વન તરીકે ઓળખાંતા હતાં. ભીમ ભમરડા મહાદેવ આવાજ કારણથી પ્રચલિત છે. બાલાસિનોરનું મુળ નામ વાડશોલ હતું. ઘણા વર્ષો અગાઉ ઈનામી જમીનમાં ભરવાડોનો વસવાટ હતો. તેઓએ પોતાના ઢોરને પુરવા થોરની વાડ બનાવી હતી. પરંતુ એક દિવસ આ ઢોરો (પશુઓ) એ અંદરો અંદર લડીને વાડ તોડી નાંખતાં ભરવાડોએ પથ્થરની વાડ બનાવી. જેથી પથ્થર શોલની વાડ બનાવી તે પરથી વાડશોલ નામ પડયું તે લોકવાયકા છે.

અન્ય એક દંતકથા મુજબ વાડાઓ બહુ હોવાથી એક ગામનું નામ વાડા હતું. અને સિંહોર ભરવાડ અને તેના સાથીદારો રહેતા હતા. તે ગામનું નામ સિંહોર હતું. આ વાડા અને સિંહોર ગામને ભેગા કરી વાડાસિંહોરની રચના થઈ જે અપભ્રંશ થઈ વાડાસિનોર અને અંગ્રેજી બાલાસિનોર બન્યું.

### ઐતિહાસિક પરિચય

બાલાસિનોર ઈતિહાસ સ્પષ્ટ પ્રાચીનથી બાબીઓના શાસન અગાઉ ચોક્કસ વિગતો નથી. વાડાસિનોર સ્ટેટ વિલીનીકરણ પહેલાં રેવા કાંઠા એજન્સીનું મોટામાં મોટું ૯ તોપોવાળું રજવાડું હતું. અઢારમી સદીથી એટલે કે ૧૭૪૮ થી ૧૯૪૮ વચ્ચેના ૨૦૦ વર્ષ બાલાસિનોરમાં નવાબી હકુમત રહી. મહંમદ શેરખાનનાં બાબીએ નવાબના દસ્કાળ સાથે બાલાસિનોર રાજ્ય સ્થાપ્યું હતું. હાલના મોહમંદ સલામતખાન નવાબનું ૧૪ માસની ઉંમરે તા. ૧૪-૫-૧૯૪૫ના રોજ રાજતિલક કરી ગાદી વારસ જાહેર કરવામાં આવ્યાં હતાં. ૧૦મી જુનના રોજ ૧૯૪૮ના રોજ વિલીનીકરણ થતાં તાત્કાલિન મુંબઈ રાજ્યનો તાલુકો બન્યો હતો. ૧૯૫૨માં ટાઉન મ્યુનીસીપાલીટીની રચના થઈ હતી. પાંચ વોર્ડના ૧૫ સભ્યોનું બોર્ડ હતું. નવાબી સ્ટેટ વખતે રાજમહેલ, પાયગા, નગર ફરતે કોટ અને પાંચ દરવાજાઓ હતાં જેમાં રાજપુરી દરવાજો, સલીયાવાડી દરવાજો, તલાવ દરવાજો, અમદાવાદી દરવાજોનો સમાવેશ થાય છે. આજે માત્ર અમદાવાદી દરવાજો જ જોવા મળે છે. પાયગામાં મકાનો બની ગયાં છે. છેલ્લાં નવાબ જમીયત ખાનજી બાબીને નાટકોનો ખૂબ જ શોખ હતો. તેમણે પોતાની 'સરદાર વિજય નાટક કંપની સ્થાપી હતી અને વિરપુર અને બાલાસિનોરમાં તેમના થિયેટર હતાં. બાલાસિનોરનું નૈયર થિયેટર પાછળથી વિજય ટોકીઝ થઈ હતી જેનું અસ્તિત્વ આજે નથી.

### રાષ્ટ્રીય લડત :

૧૯૪૨માં મુંબઈ વસતાં કેટલાંક બાલાસિનોર વાસીઓએ ચળવળમાં ઝંપાલાવેલ, શશીકાંત ચંદુલાલ કડકીયાને મલબાર હિલના બોમ્બ કેસમાં ત્રણ વર્ષ સુધી જેલમાં રાખ્યા હતા. આ ઉપરાંત કાંતિભાઈ મોદી, નટવરભાઈ મોદી, બાબુલાલ મોદી, કીર્તનભાઈ ધારીયા, બાબુલાલ વસનજી, શાંતીલાલ કડકીયા જેલમાં ગયા હતાં. આ ઉપરાંત અડાસ ગોળીબારમાં બાલાસિનોરના વતની તુલસીદાસ શહીદ થયા હતા.

બાલાસિનોરમાં ૬૫ વર્ષ અગાઉ કાંતીલાલ ઓ. મોદી અને નટવરલાલ મોદીએ બાલવિધવા સાથે પુનઃલગ્ન કરી રૂઢી ચુસ્ત સમયમાં સામાજીક ક્રાંતિની શરૂઆત કરી.

### વર્તમાન પરિચય

આઝાદી મળ્યા બાદ બાલાસિનોર તાલુકાની પછાત તાલુકાની છાપને ભુંસવા નગર અને નગર બહાર વસતા વતનીઓએ ભગીરથ પ્રયત્નો કર્યા જેના પરિણામે આજે સુવિધા યુક્ત, આધુનિક સગવડો, હરવા ફરવાના સ્થળો સાથેનું મીની માથેરાન બાલાસિનોર બન્યું છે.

તલાવ દરવાજાથી ગોકુલનાથજી મંદિર સુધી સતત વેપારથી ધમધમતો વિસ્તાર મુખ્ય બજાર કહેવાતું હતું. ત્યારબાદ ધીરેધીરે વણિકો બહાર સ્થળાંતર કરતાં આ વિસ્તારમાં વણિકોની દુકાનો, પેઢીઓમાં ઘટાડો થતાં આજે આ વિસ્તાર મુખ્ય બજારનું બિરુદ ગુમાવી દીધું છે. અને તેનું સ્થાન રાજપુરી દરવાજા, જૂના બસ સ્ટેન્ડ અને કોટ બહાર ઉદય પામેલ વિરપુર રોડે લીધું છે. નગરમાં મુળ વતનીઓની સ્થાનિક વસ્તી ઘટી રહી છે. અને બહારથી નોકરી ધંધાર્થે આવનારી

વસ્તી વધી રહી છે. વૈષ્ણવ, બ્રાહ્મણોની વસ્તી નોંધપાત્ર ઘટી રહી છે. પણ દાનનો પ્રવાહ બાલાસિનોર તરફ વહેતો રહેતો હોવાથી નગરજનોને શૈક્ષણિક આરોગ્યલક્ષી સેવાઓ સરળતા રાહતરૂપે મળતા નગરનો વિકાસ થઈ રહ્યો છે.

સને ૧૯૬૮માં સ્થાપેલ બાલાસિનોર નાગરીક સહકારી બેંક કાંતીલાલ શાહ (જાટ), કંચનલાલ ગાંધી (સુરતી) વિગેરેના નેતૃત્વમાં સંગીન પ્રગતિ કરી ગુજરાતમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. જેને ૧૦ વર્ષ અગાઉ ગુજરાતમાં સહકારી બેંકો ઉપર આવેલ વિશ્વાસના સંકટને બેંકે પાર કરી બેંક હવે આર્થિક સધ્ધર બની છે. મણીકાંતભાઈ કડકીયાના નેતૃત્વમાં હાલ બેંક વિકાસ કરી રહી છે.

બાલાસિનોર નગરપાલીકાનું દોઢ કરોડના ખર્ચે પાંચ વર્ષ અગાઉ બનેલ નગરપાલીકા ભવન ખેડા જિલ્લાની બેનમુન ઈમારત છે. નગરની હાલની અંદાજીત ૩૮ હજારની વસ્તી છે. ૯ વોર્ડના ૨૭ સભ્યોનું નગર પાલીકા બોર્ડ છે. અને અંદાજીત ૧૨૦૦૦ મકાનો અને દુકાનો હોવાનો અંદાજ છે. નગરમાં બાલમંદિરથી દસમાં સુધીનું શિક્ષણ મળે તેવી કેળવણી મંડળ અને વિદ્યા મંડળની શાખા કોલેજ આવેલ છે. એમ.બી.એ. ડીપ્લોમાં શિક્ષણ આપતી સંસ્થાઓ તેમજ એમ.એડ. ની કોલેજ છે. નગરને સુંદર આરોગ્યની સેવાઓ આપતી કે.એમ.જી. હોસ્પીટલ છે. હિતેચ્છુ મંડળ પુસ્તકાલય સહકારી પુસ્તકાલય ઉપરાંત સ્થાનીક કક્ષાએ લાયન્સ, લાયોનેસ કલબ, જેસીસી કલબ, રેડક્રોસ સોસાયટી, વેરાસામાં શૈક્ષણીક વિકાસ માટે કાર્યરત મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ (નવનીતકાકા ઝાટ) છે.

**જોવાલાયક સ્થળો :**

કેદારેશ્વર મહાદેવ ટેકરી ઉપર આવેલ અને નવીનચંદ્ર મેનપુરા વાળાના પ્રયત્નોથી નવસર્જન પામેલ કેદારેશ્વર મહાદેવ જોવાલાયક 'મીની મહાબળેશ્વર' બન્યું છે. ક્રીડાંગણ, બગીચા અને રહેવા માટેની રૂમોની સગવડથી અહીંનું આકર્ષણ વધ્યું છે.

નગરમાં દરેક સમાજની ધર્મશાળા વાડી છે. તદઉપરાંત સિધ્ધનાથ મહાદેવમાં આધુનિક સગવડો સાથેનો હોલ, લગ્ન પ્લોટ, સામાજીક તેમજ ધાર્મિક પ્રસંગે પ્રજાજનોને ઉપયોગી બન્યો છે. તેમજ સેવાલિયા રોડ ઉપર શ્રીનાથજી પાર્ટી પ્લોટની પણ સગવડ થઈ છે. સુદર્શન તળાવ કિનારે ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલ પાછળ, ટેકરી ઉપર આવેલ હનુમાન મંદિર પણ હરવા ફરવાનું સ્થળ છે.

આ ઉપરાંત શ્રી ગોકુલનાથજીનું મંદિર, શ્રી મદનમોહનજીનું મંદિર, સોમનાથ મહાદેવ, ગોપેશ્વર મહાદેવ, શિવ સ્વયભું મહાદેવ, ગોવર્ધન નાથજીની હવેલી, સાંઈબાબા મંદિર, શ્રી વિઠ્ઠલેશ મંદિર, સ્વામીનારાયણ મંદિર, અક્ષર પુરુષોત્તમ મંદિર, અંબાજી મંદિર, રણછોડજી મંદિર તેમજ નગરથી થોડે દુર આવેલ ભીમ ભમરડાની મુલાકાત યાદગાર બની રહે તેવી છે. તાલુકાના મંદિરોમાં જનોડનું કેદારેશ્વર મહાદેવ, જેઠોલી પાસે લીલવણીયા મહાદેવ, ધામોદ કેદારેશ્વર મહાદેવ, પરબીયા કેડી માતાજી મંદિર પણ હરવા ફરવાના સ્થળો છે. આ ઉપરાંત રૈયોલી ડાયનોસોર અવશેષો સ્થળની મુલાકાત લઈ શકાય.

નગરથી એક કલાકમાં પહોંચી શકાય તેવા સ્થળોમાં ગળતેશ્વર મહાદેવ, ડાકોર, ફાગવેલ, લસુન્દ્રા ઠંડા ગરમ પાણીનાં કુંડ છે.

## કાન્તીલાલ પબ્લીક પાર્ક

કાન્તીલાલ પબ્લીક પાર્કમાં હાલમાં રજનીકાંત ઓ. શાહ (ઠાસરાવાળા) ના સહયોગથી બગીચાનું સુંદર સંચાલન થઈ રહ્યું છે. નગરમાં હવે બગીચા રેસ્ટોરેન્ટ અને મયુર હોટલની પણ સગવડ છે. તેમજ નવાબના બગીચામાં હેરીટેજ હોટેલ પણ છે. મનોરંજન માટે શક્તિ સિનેમાની સગવડ છે.

## શ્રી ગોકુલનાથજી મંદિરનો ફગવા બગીચો

સદર જમીન બાલાસિનોરના મેવાડા વાણીક સમાજે મંદિરને ભેટ આપેલ છે. વર્ષમાં બે વખત શ્રી ઠાકોરજી મંદિરથી ફગવા બગીચે પધારે છે (૧) ફાગણ સુદી નોમ હોળી ધુળેટી ઉત્સવ) (૨) શ્રાવણ સુદી છઠ્ઠ - હીંડોળા ઉત્સવ, હાલમાં ફગવા બગીચાનું સુંદર સંચાલન શ્રી વિપીનભાઈ ઓ. મોદી (ઠાસરાવાળા) અને શ્રી નવીનભાઈ ચીમનલાલ શાહ (મેનપુરાવાળા) કરી રહ્યાં છે.

અંતમાં સ્વ. ચંપાબેન મોદી, સ્વ. નટવરભાઈ મોદી (જનસાથી), સ્વ. અંબાલાલ લલ્લુભાઈ શાહ અને સ્વ. કંચનલાલ ગાંધી સુરતી સહિત અન્ય સહ કાર્યકરોની ખોટ અત્યારે પણ વર્તાય છે.

**શ્રી ગોપાલભાઈ શાહ**
**મેનેજર - શ્રી બાલાસિનોર નાગરીક સહાકરી બેંક લી.**

**શ્રી પ્રવિણચંદ્ર જીવરાજભાઈ**
**સેવક : પત્રકાર બાલાસિનોર**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

**(૧) શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :-** હોસ્પિટલમાં પાચમો સર્વરોગ નિદાન કેમ્પ તા. ૩૦-૮-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ઈ. એન. ટી. ૪૧, ચામડી - ૬૬, માનસીક -૫૩, ઓર્થોપેડીક - ૬૬, મેડીકલ, સર્જીકલ, ગાયનેક વિગેરેના ૧૬૪ દર્દીઓ મળીને કુલ ૩૯૦ દર્દીઓએ લાભ લીધેલ અને જરૂરીયાતવાળા દર્દીઓને પાંચ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**(૨) બ્લડ ડોનેશન કેમ્પ :** શ્રી જયંતિલાલ મણીલાલ કડકીયા (વલ્લભઘેલા) બ્લડ સ્ટોરેજ સેન્ટર તેમજ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦-૯-૧૧ના રોજ મગનપુરા લાટ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ તેમાં ૩૦ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. તેમજ બાલાસિનોરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પ તા. ૧૩-૯-૨૦૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૬૮ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. હવે આગામી બ્લડ ડોનશન કેમ્પ તા. ૮-૧૦-૧૧ના રોજ યોજવામાં આવનાર છે.

**(૩) શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પ :** તા. ૧૪-૯-૧૧ના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ ૩૦ બાળકોને તપાસીને જરૂરીયાતવાળા બાળકોને ૭ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

**માહે ઓગસ્ટ ૧૧ના માસમાં જયોતિપુંજ પ્રસિદ્ધ થયા બાદ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન/ મળેલ વચનની યાદી**

| | | |
|---|---|---|
| (૧) | રૂા. ૧૧,૦૦,૦૦૦ : | શ્રીમતી કોકીલાબહેન જયંતીલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પના નામકરણ માટે |
| (૨) | રૂા. ૫,૦૦,૦૦૦ : | શ્રી નિલેષ લીલાધર દોશી - ચાઈલ્ડ રીહેબીલાઈઝેશન સેન્ટરના નામકરણ માટે. |
| (૩) | રૂા. ૫,૦૦,૦૦૦ : | શ્રી પ્રફુલ ઓચ્છવલાલ શેઠ સ્પે. રૂમના નવીનીકરણ માટે |
| (૪) | રૂા. ૨,૫૦,૦૦૦ : | શ્રી ગૌરાંગભાઈ નટવરલાલ પરીખ (વોરા) તરફથી શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) શીરોલોજી વિભાગ ના નામકરણ માટે |
| (૫) | રૂા. ૧,૦૦,૦૦૦ : | શ્રી તુષાર સતીષચંદ્ર પરીખ (રોકડીયા) |
| (૬) | રૂા. ૧,૦૦,૦૦૦ : | શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) |
| (૭) | રૂા. ૧,૦૦,૦૦૦ : | શ્રી ચેતન રમણીકલાલ ધારીઆ |
| (૮) | રૂા. ૫૧,૦૦૦: | સ્વ. બાબુલાલ લલ્લુભાઈ પટેલ તથા સ્વ. શાંતાબહેન બાબુલાલ પટેલના સ્મણાર્થે. હસ્તે. શ્રી પ્રકાશભાઈ તથા શ્રી ધમેન્દ્રભાઈ બાબુલાલ પટેલ |
| (૯) | રૂા. ૫૦,૦૦૦ : | શ્રી શરદ નટવરલાલ દેસાઈ |
| (૧૦) | રૂા. ૫૦,૦૦૦ : | શ્રી હિતેન્દ્ર ચીમનલાલ પરીખ (લાય.) |
| (૧૧) | રૂા. ૫૦,૦૦૦ : | બીપીન ગોકળદાસ ગાંધી |
| (૧૨) | રૂા. ૨૫,૦૦૦ : | શ્રી અજીત નવનીતલાલ કડકીઆ |
| (૧૩) | રૂા. ૨૫,૦૦૦ : | શ્રી હાજીમોહંમદયુસુફભાઈ એફ. મલેક હસ્તે મુસ્તાકભાઈ એમ મલેક, (ગામ પડાલ તા. ઠાસરા) |

સંસ્થાના પ્રમુખશ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહે રૂા. અઢી કરોડથી વધારે લક્ષ્યાંકની જાહેરાત કરીને અગાઉ માહે ઓગસ્ટ ૨૦૧૧ના માસના જ્યોતિપુંજમાં ૨૪ દાતાઓના નામો પ્રસીદ્ધ થયા છે. તે ઉપરાંત ઉપર મુજબના વધુ ૧૩

દાતાઓનો માનવતાના આ માયાળુ કૃત્યમાં અમુલ્ય ફાળો મળેલ છે. સર્વે દાતાશ્રીઓનો સંસ્થા ખુબ આભાર માને છે અને સર્વે દાતાશ્રીઓને આ સેવાયજ્ઞમાં જોડાવવા વીનંતી છે.

હીરક જંયતી મહોત્સવ પ્રસંગે હોસ્પિટલમાં નીચે મુજબના વિભાગોના નામકરણના દાતાઓને આવકારવા માટે જાહેર અપીલ કરવામા આવે છે.

સર્જીકલ વિભાગ (આઉટડોર) : રૂા. ૫ લાખ

ગાયનેક વિભાગ (આઉટડોર) રૂા. ૫ લાખ

કેજયુલીટી વિભાગ (આઉટડોર) રૂા. ૧૦ લાખ

હોસ્પિટલ સંકુલના નામકરણ માટે રૂા. ૫૦ લાખ

કારોબારી સભ્ય તરીકે નવી નીમણૂક : શ્રી કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની તા. ૨૦-૯-૧૧ના રોજ મળેલ કાર્યવાહક સમિતિની સભામાં સદગત નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ના અવસાનથી ખાલી ૫ડેલ જગ્યા ઉપર શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખની નીમણૂક સર્વાનુમતે કરવામાં આવેલ છે.

શ્રી બાલાસિનોર સેવાસમાજ ટ્રસ્ટમાં કારોબારી સભ્ય તરીકે નવી નીમણૂક : શ્રી બાલાસિનોર સેવા સમાજ ટ્રસ્ટની તા. ૨૦-૯-૧૧ના રોજ મળેલ કાર્યવાહક સમિતિની સભામાં સદગત નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ના અવસાનથી ખાલી ૫ડેલ જગ્યા ઉપર શ્રી દક્ષેશભાઈ બાબુલાલ કડકીયા(લટકારી)ની નીમણૂક સર્વાનુમતે કરવામાં આવેલ છે.

**શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, શ્રી નીતીનભાઈ પરીખ**
**માનદ્ મંત્રીશ્રીઓ**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

### પૂ.પા. અ.સૌ. કાલિન્દી બેટીજી દ્વારા સાંઝી લીલા તથા દાણ લીલા વિષે વચનામૃત

તા. ૧૨ મી સપ્ટેમ્બર સોમવારે મહિલા વિભાગ દ્વારા લાડની વાડીમાં પૂ.પા. અ.સૌ. કાલિન્દી બેટીજી દ્વારા સાંઝી લીલા તથા દાણ લીલા વિષે વચનામૃત રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રીમતી ઉર્મિલાબેન વોરાએ સાંઝી તથા દાણના પદ ગાઈ કરી હતી. કાર્યક્રમ બાદ જે જે ના ફળાહારની વ્યવસ્થા શ્રીમતી મોના તન્નાએ કરી હતી. જે જે માટે માળાજી શ્રીમતી ગીતાબેન રમેશચંદ્ર શાહે સિધ્ધ કરી હતી.

મહિલા વિભાગને શ્રીમતી કુસુમબેન નવીનચંદ્ર દોશી તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું ડોનેશન આપવામાં આવ્યું હતું. સંસ્થા તેમનો તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે. કાર્યક્રમના અંતે સૌ બહેનોને પેટીસ-ઢોકળા તથા કુલ્ફી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૨૫ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. તથા ૧૦૦ જેટલી બહેનો પ્રવચન સાંભળવા આવી હતી. સૌ વૈષ્ણવોને પ્રસાદી બુંદીના પેકેટ એક બહેન તરફથી આપવામાં આવ્યા હતાં.

સાંઝીની હરીફાઈ રાખવામાં આવી હતી. પહેલું ઈનામ- પ્રતિમા યોગેન્દ્ર ધારિયા, બીજુ ઈનામ- અલ્પા એસ. કડકીયા, ત્રીજુ ઈનામ - પ્રતિક્ષા તથા કૌશિકા શાહનો આપવામાં આવ્યું હતું. ભાગ લેનાર સૌ બહેનોને કાચના બાઉલ ગીફ્ટમાં આપવામાં આવ્યાં હતાં.

પૂ. પા. અ. સૌ. કાલિન્દીબેટીજીએ સાદી અને સરળ ભાષામાં સાંઝી અને દાણલીલા વિશે સમજાવ્યું હતું. સાંઝી પૂરતા જે આપણા પૂર્વજો ભગવદ્‌ચરણને પામ્યા છે તેમને યાદ કરવામાં આવે છે. સાંઝી પૂરતા આપણે જે સામગ્રીની સાંઝી પૂરીએ તે રીતની સામગ્રી ઠાકોરજીને આરોગવામાં આવે છે. દા.ત. આપણે તેજાનાની સાંઝી પૂરીએ તો તેની સામે ઠાકોરજીને ઠંડક થાય તે રીતની સામગ્રી આરોગવામાં આવે છે.

### સ્નેહ સંમેલન

### દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ

સ્નેહ સંમેલનનો કાર્યક્રમ તા. ૯ મી નવેમ્બરને બુધવારે બપોરે ૩ વાગે તેજપાલ ખાતે રાખવામાં આવ્યો છે. જેમાં **નવું નાટક** બતાવવામાં આવશે. જેના પાસ ૨ જી નવેમ્બરે બુધવાર બપોરે ૩ થી ૪ માં નવયુવક સંઘની ઓફિસમાં રૂા. ૪૦/- તથા નાસ્તાના રૂા. ૪૦/- લેવામાં આવશે. એક વ્યક્તિને ૪ કાર્ડ દીઠ ૪ ટીકીટ આપવામાં આવશે.

અમને જણાવતા આનંદ થાય છે કે આ વખતે મહિલા વિભાગના આમંત્રણને સહર્ષ સ્વિકારી આપણા સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન શ્રીમતી ઉષાબેન રજનીભાઈ શાહ (ચકવા) એ સ્વીકાર્યું છે. મહિલા વિભાગ શ્રીમતી ઉષાબેન તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

## મહિલા વિભાગના સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન શ્રીમતી ઉષાબેન રજનીકાંત શાહ (ચકવા)



બાલાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિના વૈષ્ણવ પિતાશ્રી મોહનલાલ સાંકરલાલ મોદી (ચકવા) તથા માતુશ્રી મણીબેનના ઘરે ૧૬મી ઓગષ્ટ ૧૯૩૫મા બાલાસિનોર મુકામે ઉષાબેનનો જન્મ થયો હતો. એમણે એસ.એન.ડી.ટી. કોલેજ મુંબઈમાંથી સ્નાતકની પદવી પાસ કરી હતી.

ઉષાબેન ૧૯૫૬માં કમળાબેન ચીમનલાલ શાહના સુપુત્ર રજનીભાઈ જે અમેરીકામાંથી M.S. થયેલા હતા તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. હાલમાં તેઓને એક પુત્ર નિશીથ જે Double M.S. ભણેલા છે તથા પુત્રી દિપ્તી નલીન પરીખ B.Sc. થયેલ છે. પુત્રવધુ સંધ્યાબેન હોમિયોપેથિક ડૉક્ટર છે. નિશિથભાઈના બે પુત્રી એક Dentist છે. અને બીજી Engg. માં ભણે છે. દિપ્તી બહેનના બે પુત્રો છે. સૌ છોકરાઓએ પોતપોતાના ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવેલ છે.

ઉષાબેને બા.ન.સંઘ મહિલા વિભાગમાં ઘણા વર્ષો કામ કરી બે વર્ષ કન્વીનર તરીકે કામગિરી નિભાવી છે. તેમના પિતાશ્રીના આર્શિવાદને તેમણે પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું હતું કે બધાની સાથે મળી બધાની વચ્ચે બેસીને કામ કરવું. ૧૯૯૩ - Lionness Club of Bridge Candy ના પ્રેસિડન્ટ હતાં.

૧૯૯૫ - All India Women's Conference માં પ્રેસિડેન્ટ હતા.

- ૧૯૯૬માં Group of Balasinor માં પ્રેસિડેન્ટ હતા. હાલમાં તેઓ All India Women's Conference of Mahalaxmi & Wallkeshwar માં Director છે.

ઉષાબહેનના જીવનનું ધ્યેય સત્સંગ તથા સૌ વૈષ્ણવોને પવિત્રા, ઠાકોરજીના માળાજી, હિંડોળાના સાજ, પાય, કુલ્હે - કે જે ઠાકોરજીમાં વિનિયોગ થતા શણગાર શીખવવાનું છે. તેઓ સ્વભાવે સાલસ તથા ધર્મિષ્ઠ છે.

આવા ઉદાર દિલ દાતા માટે સમાજ એમનો તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

---

## બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.

**S-4, Vijayshree Apartment, Tatya Dharoure Path (Mugbhat Lane) Near Desai Bldg. Girgam, Mumbai : 400004, Tel : 23887789 / 23886118**

સહર્ષ જણાવવાનું કે દર વર્ષની માફક આ વર્ષે પણ આપણે સુકોમેવો તેમજ કાજુકતરીનું વેચાણ કરવાનાં છીએ.

સુકોમેવામાં મામરો બદામ, અમેરીકન બદામ, કાજુ, કાજુ ૪ ટુકડા, ખારા કાજુ, કીસમીસ (સુકી), મોળા પિસ્તા, ખારા પિસ્તા, અખરોટ મગજ, અંજીર, જરદાલુ, ઈલાયચી વિ. હાજર સ્ટોકમાં તા. ૧૫ ઓકટોબરથી મળશે.

કાજુકતરીનાં ઓર્ડરસ પણ તા. ૧૫ ઓકટોબરથી લેવામાં આવશે અને ડીલીવરી સ્ટોર પરથી તા. ૨૦ ઓકટોબર થી ૨૫ ઓકટોબર સુધી આપવામાં આવશે.

ઉપરોક્તમાંથી રૂા. ૧૦૦૦/-ની ખરીદી ઉપર રૂા. ૫૦ અને રૂા. ૨૦૦૦/-ની ખરીદી ઉપર રૂા. ૧૦૦ જેટલી સ્ટોરમાંની કોઈપણ આઈટમ બીલકુલ ફ્રીમાં આપવામાં આવશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ
# ૮૩મી વાર્ષિક સામાન્ય સભા તથા ૩૨મી વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત મંડળની ૮૩મી વાર્ષિક સામાન્ય સભા તથા મેડીકલ ટ્રસ્ટની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ શ્રી જતીન નવનીતલાલ દેસાઈના પ્રમુખ પદે તા. ૨૯-૯-૧૧ના ગુરૂવારે સાંજે ૭ કલાકે હિન્દી વિધાભવન સ્કુલ મરીનલાઈન્સ ખાતે મળી હતી. જેમાં સહી બુકમાં સહી કરનાર કુલ્લે ૨૩૯ સભ્યો હાજર રહ્યા હતા. ૮૨મી અને ૩૧મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટસ મંત્રીએ વાંચી સંભળાવી હતી જે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી. વાર્ષિક અહેવાલો (મંત્રી નિવેદન) તથા બેલેન્સ સીટસ અને આવક જાવકના સરવૈયા સહીતનાં હીસાબો રજૂ કરવામાં આવ્યા હતા. જે પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

મંડળ અને ટ્રસ્ટનાં ઓડીટર તરીકે મે.જે.એમ.એસ. એન્ડ કું.ની કોઈપણ જાતનાં માનધન લીધા વગર સેવા આપવાનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સભ્યોએ સૂચનો કર્યા હતા અને પ્રમુખશ્રીએ પોતાનું વ્યકવ્ય રજૂ કર્યુ હતુ. આવનાર દરેક મેમ્બર માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની વર્ષ ૨૦૧૧-૧૨ની પહેલી સામાન્ય સભા એ.જી.એમ પત્યા પછી મળી હતી. જેનું પ્રમુખ સ્થાન શ્રી કાર્તિક આર.કડકીઆ એ સંભાળ્યું હતું. વર્ષ ૨૦૧૧-૧૨ માટે નીચે મુજબના હોદેદારો તથા પેટા સમિતિનાં કન્વીનરની નિમણુંક કરવામાં આવી હતી.

**મંડળ તથા ટ્રસ્ટ**

**પ્રમુખ :** શ્રી જતીન ન. દેસાઈ

**ઉપપ્રમુખ :** શ્રી પંકજ કે. ધારીઆ,
શ્રી દક્ષેષ બી. કડકીઆ

**મંત્રી :** શ્રીમતી સોહીણીયો કડકીઆ,
શ્રી પરેશ આર. પરીખ

**ખજાનચી :** શ્રી કિરિટ આર. ધારીઆ,
શ્રી નિમિષ મ. કડકીઆ

**અન્નસહાય તથા જીવન નિર્વાહ સમિતિ :** શ્રી રજનીકાંત કે કડકીઆ (લટકારી) લગ્ન રાહત સમિતિ : શ્રી વિરેન્દ્ર કે. ગાંધી

**લીગલ એન્ડ સ્ટેચ્યુટરી સમિતિ :** શ્રી યોગેશ આર. ધારીઆ

**મેમ્બર્સ રીલેટેડ સમિતિ :** શ્રી કીર્તી હી. કડકીઆ.

**મુક્તિધામ યોજના સમિતિ :** શ્રી મિનિષ બા. કડકીઆ.

**ગર્વનીંગ કાઉન્સીલ અધ્યક્ષ :** શ્રી રસીકલાલ મ. લાકડાવાળા

**મેડીકલ રીલીફ સમિતિ :** શ્રી કૌશીક કે કડકીઆ

**સુપ્રિટેન્ડન્ટ :** શ્રી ડૉ. અક્ષય ડી. સેવક

**એન્ટીમીસ્ટ્રેટર:** શ્રીમતી ડૉ. કીનરી એ. સેવક

ઉપરોક્ત સમિતિની પેટા સમિતિ બીજી મિટિંગમાં નક્કી થશે. નવા સભ્યોની કુલ્લે ૯ અરજી પસાર કરવામાં આવી હતી. બેંકોનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

બે કોઓપ્ટ મેમ્બર્સ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા હતા.

શ્રી નીકેજ જે. ગાંધી, શ્રીમતી કુંજુંબહેન એચ. શાહ, કાર્તિકભાઈ કડકીઆએ સૌનો આભારમાની સભા બરખાસ્ત થયેલ જાહેર કરી હતી.

**મંત્રી શ્રીમતી સોહીણી કડકીઆ,**
**પરેશ આર. પરીખ**

## દાતાઓનો સન્માન સમારંભ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટનાં ત્રણ દાતાઓનો સન્માન સારંભનો કાર્યક્રમ વાર્ષિક સામાન્ય સભાની પહેલા યોજવામાં આવ્યો હતો. બધાં હોદેદારો એ મળીને દીપ પ્રાગટ્ય કર્યુ હતુ. ત્યારબાદ શ્રીમતી સોહીણી કડકીઆ, શ્રીમતી નીશા દેસાઈ તથા શ્રીમતી મીનોતી શાહે ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેણે રે કહીએ' ગાઈને સમારંભની શરૂઆત કરી હતી. મુક્તીધામ યોજના માટે મળેલા રૂા. ૨,૫૧,૦૦૦ બે લાખ એકાવન હજારનાં દાતા શ્રી જતીન નવનીતલાલ દેસાઈનું બહુમાન સ્વીકાર્યુ એમના ધર્મ પત્ની નીશાબહેન દેસાઈએ જેમને શાલ ઓઢાડી શ્રી પરેશ પરીખે અને મોમેન્ટો અર્પણ કર્યા શ્રી પંકજ ધારીઆ એ રીલીફ ઈન ઈ.સી.જી. ટેસ્ટ ફોર બાલાસિનોર કોમ્યુનીટી રૂા. બે લાખ પચાસ હજાર ના દાતા શ્રીમતી મીનાક્ષીબહેન મોહીતકુમાર મહેતાનું સન્માન કરતાં શાલ ઓઠાડી શ્રીમતી સોહીણીબહેન કડકીઆએ મોમેન્ટો અર્પણ કર્યો. શ્રી જતીન દેસાઈએ. મેડીકલ રીલીફ માટે રૂા. એક લાખનું દાન આપનાર દાતા શ્રી પરેશભાઈ રમણીકલાલ દેસાઈ (ઈન્દોરવાળા)નું સન્માન કરતાં શાલ ઓઠાડી શ્રી કિરિટભાઈ ધારીઆએ મોમેન્ટો અર્પણ કર્યા શ્રી દક્ષેશભાઈ કડકીઆએ.

છેલ્લા દસ વર્ષથી નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર ડૉ. અક્ષય સેવકનું શાલ ઓઠાડી બહુમાન કર્યુ શ્રી નીમીષ કડકીઆએ. ડૉ. કીન્નરી સેવકનું પુષ્પગુછથી બહુમાન કર્યું શ્રી રસીકભાઈ લાકડાવાળાએ. પ્રોગ્રામનું સંચાલન કર્યુ શ્રી ઉર્વીશભાઈ આર. મોદીએ.

**પ્રમુખ શ્રી જતીન ન. દેસાઈ.**


## ફક્ત ૯૦૦૦માં એન્જીયોગ્રાફી

સ્વર્ગસ્વ પુત્રી શિલ્પાની યાદમાં ડૉ. એન.કે.શાહ દ્વારા સ્થાપેલ **'શિલ્પા ચેરીટેબલ ટ્રસ્ટ'**ના રૂા. ૫૦ લાખના સહયોગથી વડોદરાની પ્રેમદાસ જલારામ હોસ્પીટલમાં 'શિલ્પા કાર્ડિયાક સેન્ટર' શરૂ કરવામાં આવેલ છે. આ કાર્ડિયાક સેન્ટર અદ્યતન ઉપકરણો અને કાર્ડિયાક ને લગતી બધીજ સુવિધાઓથી સજ્જ છે. જેમાં એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી જેવી બધીજ સેવાઓ ઉપલબ્ધ છે.

મુંબઈ કરતાં ઘણા જ વ્યાજબી દરે થતી કાર્ડિયાક ટ્રીટમેન્ટ ઉપરાંત 'શિલ્પા ચેરીટેબલ ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓના ભલામણ પત્રથી વધુ ૨૦ ટકાની છુટ આપવામાં આવશે. વધુ જરૂરિયાતવાળા લોકોને ટ્રસ્ટ પોતાના તરફથી હજી વધુ રાહત આપી શકશે. આ માટે ગામ, જ્ઞાતિ, કે જાતિનો કોઈ ભેદ નથી. આપણા સમાજના કે અન્ય કોઈપણ જરૂરિયાતમંદ વ્યક્તિને મદદરૂપ થવા ટ્રસ્ટ તત્પર છે. વધુ જાણકારી માટે તથા ભલામણપત્ર માટે ટ્રસ્ટીઓનો સંપર્ક કરો. ફોન નં. ૯૮૩૩૦૮૫૦૮૦/૯૮૨૦૦૧૨૧૨૨/૯૮૨૧૦૯૭૮૭૨

# Shree Balasinor Navyuvak Sangh
## Shri Natwarlal Chunilal Mody Jansathi Cricket Tournament 2011-12
## Group Name : Shri Nitin Jayantilal Parikh (Bakhali)

**Team 1**

| Sr. No. | Player Name |
|---|---|
| 1. | Kinjal Parikh (C) |
| 2. | Jigar Parikh |
| 3. | Anand Shroff |
| 4. | Nihar Kadakia |
| 5. | Vishal Jariwala |
| 6. | Vivek Gupta |
| 7. | Paresh Parikh |
| 8. | Daishik Desai |
| 9. | Rohan Dharia |
| 10. | Mitul Parikh |
| 11. | Kunal Parikh |
| 12. | Chirag Shah |
| 13. | Mihir Desai |
| 14. | Alpesh Dharia |
| 15. | Jay Parikh |
| 16. | Nilpesh Modi |
| 17. | Saumil Dharia |
| 18. | Jay Shah |

**Team 2**

| Sr No. | Players Name |
|---|---|
| 1. | Shiten Kadakia (C) |
| 2. | Nirav Desai |
| 3. | Saumit Dharia |
| 4. | Chirag Parikh |
| 5. | Chirag Desai |
| 6. | Apurv Dharia |
| 7. | Samir R. Desai |
| 8. | Ritesh Kadaia |
| 9. | Devang Parikh |
| 10. | Samir Mody |
| 11. | Arpit Dharia |
| 12. | Divya Kadakia |
| 13. | Piyush Parikh |
| 14. | Mitesh Dharia |
| 15. | Rupesh D. Mody |
| 16. | Dharav Prikh |
| 17. | Meet Parikh |
| 18. | Vipul Desai |

**Team 3**

| Sr. No. | Players Name |
|---|---|
| 1. | Ripal Parikh (C) |
| 2. | Shamik Shah |
| 3. | Rohan Desai |
| 4. | Miten Parikh |
| 5. | Dipen Mody |
| 6. | Utsav Mody |
| 7. | Sanjiv Dharia |
| 8. | Jimish Desai |
| 9. | Rakesh Dharia |
| 10. | Chetan Kadakia |
| 11. | Sachit Parikh |
| 12. | Jasmin Sheth |
| 13. | Viral Gandhi |
| 14. | Satish Lakadawala |
| 15. | Maulik Tolat |
| 16. | Tejas Shah |
| 17. | Yatin Desai |
| 18. | Aavish Parikh |

**Team 4**

| Sr. No. | Players Name |
|---|---|
| 1. | Ashwin Karkera (C) |
| 2. | Sandeep Dharia |
| 3. | Chirag Desai (CD) |
| 4. | Rikit Mody |
| 5. | Ankur Parikh |
| 6. | Suketu Parikh |
| 7. | Pankaj Kadakia |
| 8. | Ripal Desai |
| 9. | Ruchit Doshi |
| 10. | Rohan D. Desai |
| 11. | Pritesh Thakkar |
| 12. | Dhaval Mehta |
| 13. | Chirag Modi |
| 14. | Praful Dharia |
| 15. | Chintan Desai |
| 16. | Jatin Dharia |
| 17. | Darshit Modi |
| 18. | Aakash Parikh |

**Players will be called by their respective captains for their match.**

**Chirag Parikh**
**Convenor**

# બાલાસિનોર નવયુવક સંઘ - બી.પી.એલ ટીમ

**Team Name : Balasinor Lions**
**Group : A1**
**Owners : Ashish Gandhi (Surti)**
**Nimesh Kacharia (Varkha)**

| No. | Name of Players | |
|---|---|---|
| 1. | Rikit Mody | Capt |
| 2. | Ashwin Karkera | V. Capt |
| 3. | Anand Shroff | |
| 4. | Utsav Mody | |
| 5. | Rakesh Dharia | |
| 6. | Saahil Desai | |
| 7. | Jimish Desai | |
| 8. | Youmesh Shah | |
| 9. | Arpit N. Dharia | |
| 10. | Mitul Gandhi | |
| 11. | Divya Kadakia | |
| 12. | Viraj Parikh | |
| 13. | Chintan Desai | |
| 14. | Raju Parikh | |
| 15. | Arpit Dharia | |

**Team Name : Vishesh Challengers**
**Group : A2**
**Owner : Rakesh Kadakia (Khissadar)**
**Manager : Kamlesh Mody**

| No. | Name of Players | |
|---|---|---|
| 1. | Nihar Kadaia | Capt |
| 2. | Ripal Parikh | V. Capt |
| 3. | Saumit Dharia | |
| 4. | Miten Parikh | |
| 5. | Sanil Desai | |
| 6. | Devang Parikh | |
| 7. | Daishik Desai | |
| 8. | Rupesh Mody | |
| 9. | Sohil Desai | |
| 10. | Romil Parikh | |
| 11. | Alkesh Kadakia | |
| 12. | Mihir Kadakia | |
| 13. | Dhaval Shah | |
| 14. | Piyush Parikh | |
| 15. | Manish Gandhi | |

**Team Name : Lalkha Tigers**
**Groups : A3**
**Owner : Dilip Dharia (Lalkha)**
**Manager : Prakash Parikh**
**Advisor : Chintak Parikh**

| No. | Name of Players | |
|---|---|---|
| 1. | Kinjal Parikh | Capt |
| 2. | Sanjiv Dharia | V.Capt |
| 3. | Shamik Shah | |
| 4. | Dharav Parikh | |
| 5. | Pankaj Kadakia | |
| 6. | Daxit Gandhi | |
| 7. | Ripal Desai | |
| 8. | Vivek Gupta | |
| 9. | Amit Parekh | |
| 10. | Chetan Kadakia | |
| 11. | Arpit Gandhi | |
| 12. | Mihir Desai | |
| 13. | Rupesh D. Mody | |
| 14. | Ankit Desai | |
| 15. | Vikrant Dharia | |

**Team Name : Dharia's Stallion**
**Group : B1**
**Owners : Alpesh Dharia (Suratwala)**
**Manager : Rupin Kadakia**

| S No. | Name of Players | |
|---|---|---|
| 1. | Nirav Desai | Capt |
| 2. | Sandeep Dharia | V.Capt |

3. Rohan Desai
4. Chirag Desai 25
5. Chirag Desai CD
6. Ruchit Doshi
7. Rohan Dharia (BL)
8. Paresh Parikh
9. Mitul Parikh
10. Kunal Parikh
11. Chirag Shah
12. Nilesh Kadakia
13. Mitesh Dharia
14. Vicky Gandhi
15. Chirag Modi

**Team Name : Red Bulls**
**Groups : B2**
**Owners : Surendra Parikh**

| No. | Name of Players | |
|---|---|---|
| 1. | Chirag Parikh | Capt |
| 2. | Jigar Parikh | V.Capt |
| 3. | Apurv Dharia | |
| 4. | Ritesh Kadakia | |
| 5. | Ankur Parekh | |
| 6. | Pritesh Thakkar | |
| 7. | Apurva Mody | |
| 8. | Samir Mody | |
| 9. | Manit Parikh | |
| 10. | Rohan D. Desai | |
| 11. | Rikkin Desai | |
| 12. | Darshit Mody | |
| 13. | Kunal Mody | |
| 14. | Jay Doshi | |
| 15. | Nilpesh Mody | |

**Team Name: Apex Wonder Boys**
**Group : B3**
**Owner: Parimal Shah (Ujadawala)**
**Manager: Bhavik Parikh**

| No. | Name of Players | |
|---|---|---|
| 1. | Shiten Kadakia | Capt |
| 2. | Vishal Jariwala | |
| 3. | Dipen Mody | |
| 4. | Niren Dharia | |
| 5. | Samir R. Desai | |
| 6. | Nitin Gandhi | |
| 7. | Tejas Shah | |
| 8. | Saurin Parikh | |
| 9. | Suketu Parikh | |
| 10. | Milind Desai | |
| 11. | Sachit Parikh | |
| 12. | Bhavik Dharia | |
| 13. | Anik Desai | |
| 14. | Chirag Dharia | |
| 15. | Sumit Engineer | |

**Bhavesh Modi**
**Hon. Secretary**

**Kinjal Parikh**
**Convener**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ દિપાવલી તથા નવા વર્ષની શુભેચ્છા

ઉપરોક્ત સમાજ સર્વે વૈષ્ણવોને દિવાળી તથા નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે અને આપનું નવું વરસ શુભકારી, મંગળકારી બને એવી પ્રભુ પાસે અભ્યર્થના.

સમાજના આગામી ઉત્સવો:

શ્રી મહા ઓચ્છવ તારીખ ૧-૧૨-૨૦૧૧

માગસર સુદ સાતમ વાર ગુરુવાર

શ્રી ફગવા ઓચ્છવ તારીખ : ૨૫-૨-૨૦૧૨

ફાગણ સુદ ત્રીજ વાર શનિવાર

**લી. મંત્રીશ્રી બીપીન કિરતનલાલ દોશીના**

**જય જય ગોકુલેશ**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ યાત્રા સંઘ

સહર્ષ યોજે છે તીરુપતી બાલાજી - તીરૂપતી મહાપ્રભુજી બેઠક તથા રામોજી ફીલ્મ સીટી અને સ્નો વર્લ્ડ (મીની સ્વીઝરલેન્ડ) હૈદ્રાબાદ

માસ : ફેબ્રુઆરી

દીવસ : આઠ

ટુર કિંમત : ૧૨૫૦૦/- (જેમાં ૧૬૫૦/- ચાર જગ્યાની દાખલ ફીનો સમાવેશ કરેલ છે)

**વધુ વિગ માટે સંપર્ક કરવો**

શ્રી બીપીન કીતરનલાલ દોશી - ૯૮૨૧૩૧૬૨૩૩

શ્રી મંજુલ શૈલેષભાઈ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪

શ્રી કેતન બાબુલાલ મોદી - ૯૩૨૨૨૭૭૭૩૩

શ્રી ધર્મેશ જયંલીલાલ શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧

શ્રીમતી મીનોતી પંકજ શાહ - ૯૮૯૨૦૧૯૮૧૮

બુકીંગ માટેની છેલ્લી તારીખ ૪-૧૧-૨૦૧૧

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **તૃપ્તી સંદીપ દેસાઈ (કલકત્તાવાળા)**
૬૦૧, બ્લોસમ ૬ળે માળે, મહાવીર નગર,
દહાણુકરવાડી, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૬૭
ફોન નં. : ૨૮૬૭૨૨૨૭
તૃપ્તિ દેસાઈ મો. : ૯૮૧૯૮૧૧૩૭૦

૨. **બીપીનચંદ્ર ચીમનલાલ મોદી (ઠાસરાવાળા)**
**મોદી ભાવેશ બીપનચંદ્ર**
૧૨૦૧ શ્રી હાઈટસ, ૧૮ વાડીઆ સ્ટ્રીટ,
તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪, ટે.નં. : ૨૩૫૩૧૯૧૭
મોબાઈલ: બીપનચંદ્ર- ૯૯૨૦૯૦૨૯૧૨
ભાવેશ : ૯૮૬૯૦૮૦૨૮૭

## નવા ટેલીફોન નંબર

ચંદ્રકાંત એમ. ધારીઆ (K.P.)
**નવો ટેલીફોન નં. : ૨૩૫૩૨૬૪૭**

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| શ્રી દિપક ચીમનલાલ પરીખ | ૫૭ |
| શ્રીમતી નલીનીબહેન યોગેશચંદ્ર કચેરીઆ (ઠાસરાવાળા) | ૬૫ |
| શ્રીમતી ચંદ્રિકાબહેન પ્રવિણચંદ્ર પારેખ | ૭૯ |
| શ્રી અશોક કિર્તનલાલ દોશી (હુવર) | ૬૩ |
| શ્રીમતી લીલાબહેન કિર્તનલાલ પરીખ (તાતીય) | ૮૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯

**3rd Cover Page**

## આંતરીક રમત ગમતનું શુભારંભ શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ ના હસ્તે તા. ૪-૯-૨૦૧૧ના રોજ રવિવારે કરવામાં આવ્યું હતું.

